જે પોતાની 'આજ' ને સંભાળે છે એના માટે આવતીકાલનું નિયંત્રણ સરળ બની જાય છે
- મુંબઇ સમાચાર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૧૫, મંગળવાર ; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વિધાનસભામાં ખેડૂતોના મામલે હોબાળો

## સરકારને ઘેરવામાં વિપક્ષ સફળ : વિપક્ષના સભ્યોને ટીંગાટોળી કરી દૂર કરાતાં કોંગ્રેસે સરકાર સંવેદનહીન હોવાનો ગંભીર આક્ષેપ કર્યો

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં આજે ખેડૂત ચોતરફથી વિટંબણાઓથી ઘેરાયો છે ત્યારે ખેડૂતો માટે સરકાર થોડીક સંવેદના પણ ધરાવતી નથી અને ખેડૂતોના પ્રશ્નોની ચર્ચાને લઈ જે રીતે મૌન ધારણ કરી બેઠી છે ત્યારે કોંગ્રેસ સરકારના આ વલણનો વિરોધ કરી રહી છે તેવા આક્ષેપો સાથે આજે કોંગ્રેસ પક્ષનું નેતૃત્વ સભાત્યાગ કરી ગયું હતું.

આ અગાઉ કોંગ્રેસના ધારાસભ્યોએ ખેડૂતોને રક્ષણ આપો, પોષણક્ષમ ભાવ આપો; ન્યાય આપોના નારા સાથે ગૃહને ગજવી દીધુ હતુ.

વિધાનસભા ગૃહમાં આજે ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોના ઉભા પાકને નીલગાય અને ભૂંડથી થતા નુકશાનના પ્રશ્ને ગૃહમાં સરકારને વિપક્ષે ઘેરી કમોસમી વરસાદથી થયેલા નુકશાનનો મુદ્દો ઉપસ્થિત કરી ખેડૂતોને ન્યાય આપોના નારા સાથે ગૃહમાં ધાંધલ ધમાલ કરી મુકી હતી.

૧૦ મિનિટ સુધી પ્રશ્ન પર ચર્ચા બાદ એકાએક જ કોંગ્રેસે તેની સુઆયોજિત નીતિ મુજબ સરકારને ભીંસમાં લીધી હતી. વિપક્ષના એકાએક આક્રમક તેવરને પારખી ગયેલા વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપત વસાવાએ ગૃહની કાર્યવાહી મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી.

વિધાનસભા ગૃહની કાર્યવાહી મુલ્તવી રહ્યા બાદ પુનઃ ગૃહની બેઠક મળી ત્યારે વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ સરકાર પર આક્ષેપોનો મારો ચલાવી કહ્યું હતું કે સરકારે સંવાદ કરવાનું પણ ટાળ્યું છે. સરકાર આટલી સંવેદનહીન હશે તેની કલ્પના ન હતી. તેમણે બટાટાના પાકનો ઉલ્લેખ કરી

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂત આજે ચોતરફી મારથી બેહાલ છે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોના ઉભા પાકને નીલગાય અને ભૂંડથી નુકશાન થતુ અટકાવવા માટે કોંગ્રેસના ધારાસભ્ય શ્રીમતિ કામીનીબા રાઠોડના પ્રશ્નથી ગૃહમાં પ્રશ્નોત્તરીનો આરંભ થયો હતો અને આ મુદ્દે જ સરકાર-વિપક્ષ સામ સામે આવી ગયા હતા.

શ્રીમતિ કામિનીબા રાઠોડે પૂરક પ્રશ્નની શરૂઆત જ આક્રમક રીતે કરી જણાવ્યું હતું કે ૪૧૨ અરજીઓ તારની વાડ માટે કરવામાં આવી જેમાંથી માત્ર ૧૫ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

એક તરફ કુદરતી માવઠાથી ખેડૂત બેહાલ બન્યો છે. સરકારનો પણ અસહ્ય ત્રાસ છે ખેડૂત ત્રાહિમામ પોકારી ઉઠ્યો છે ત્યારે સરકાર શું કરવા માગે છે. તેવા અણિયાળા પૂરક પ્રશ્નો પુછતા ગૃહમાં ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

અધ્યક્ષશ્રી વસાવાએ તેમને કમોસમી વરસાદનો ઉલ્લેખ કર્યા સિવાય ભૂંડ અને નીલગાય પૂરતો

● અનુસંધાન પાન-૭ પર




અનોખું ઘોડીયાઘર - ગુજરાત વિધાનસભાના ઓછાયામાં બસસ્ટેન્ડમાં શ્રમજીવીના બાળકનું બાળપણ ઝુલી રહ્યું છે... આ ઘોડીયામાં ઉંઘતા બાળકનું કેવું સદ્દભાગ્ય કે જ્યાંથી ગુજરાત આખાનો વહીવટ થાય, ગુજરાતના કાયદા ઘડાય છે તે સંકુલ પાસેના બસ સ્ટેન્ડમાં ઝુલી રહ્યું છે... હાલરડા ગાવાનો યુગ હવે તો ક્યારે આવશે ખબર નહિ પરંતુ વિધાનસભાનો શોરબકોર અને સચિવાલયની દોડધામ આ શ્રમજીવી બાળક માટે હાલરડું બની જાય છે... એમ કહી શકાય કે બાળકના સંસ્કાર જ વિધાનસભા અને સચિવાલયની ભૂમિમા ઘડાય છે એટલે ભવિષ્યમાં મોટો 'વહીવટદાર' થાય તો કહેવાય નહી....!!! પરંતુ ઘોડિયામાં ઝુલતા બાળકને એનો મોટો ભાઈ જાણે શીખ આપતો હોય કે, ભાઈ તું સંભાળજે... હો... (તસવીર : દિપક જાની)

## ગુડા વિસ્તારમાં ૧૩૧.૧૯ કરોડના વિકાસ કામો માટે માસ્ટર પ્લાન

### વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર અન્વયે વિકાસકામોનું આયોજન : રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટલાઈટના કામોને અગ્રતા : ઈ-લાઈબ્રેરીના નિર્માણ માટે નવો અભિગમ

ગાંધીનગર, તા.૧૬

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં વર્ષ ૨૦૧૫-૧૬ના વાર્ષિક અંદાજપત્રને બહાલી આપવામાં આવી હતી. આ મહત્વની બેઠક દરમિયાન રૂ. ૧૩૧.૧૯ કરોડના વિકાસ કામો હાથ ધરવા આયોજન કરવામાં આવ્યું હતું. ગુડા વિસ્તારમાં હાથ ધરાનારા આ વિકાસકામોમાં નવી આવાસ યોજના, માર્ગ નિર્માણ, પાણી અને ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ઈ લાઈબ્રેરી તેમજ બાગ-બગીચા સહીતના વિવિધ કામો માટે ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની આજે ૫૨મી બોર્ડ બેઠક યોજવામાં આવી હતી. ગુડાના નવનિયુક્ત ચેરમેન આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલી આ બેઠક દરમિયાન વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રને બહાલી આપવામાં આવી હતી. સત્તામંડળના અંદાજપત્રમાં આગામી નાણાંકીય વર્ષના અંદાજ મુજબ ગુડાને ૧૩૮.૧૦ કરોડની આવક સામે રૂ. ૧૩૪.૧૫ કરોડનો ખર્ચ સુચિત કરવામાં આવ્યો છે. જયારે આગામી

● અનુસંધાન પાન-૭ પર



ભલે પધાર્યા - ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અને વિધાનસભાના નારણપુરા બેઠકના ધારાસભ્ય શ્રી અમીત શાહ વિધાનસભા ગૃહમાં હાજરી આપવા આવતા ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. પ્રદેશ ભાજપના પ્રમુખ અને વરિષ્ઠ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ સ્વાગત વિધિમાં જોડાયા હતા. મળતી માહિતી મુજબ અમીત શાહ અને આનંદીબેન વચ્ચે અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચાઓ યોજાઈ હતી.

## ધો-૧૦ના ગણિતના અઘરા પેપરે વિદ્યાર્થીઓને રડાવ્યા

### ટવીસ્ટ એમ.સી.કયુ. અને દાખલાની ભરમારથી પરીક્ષાર્થીઓ મુંઝાયા : એક એમ.સી.કયુ. ખોટો પુછાયો : ૪૩૯ વિદ્યાર્થીઓ ગેરહાજર

ગાંધીનગર, તા.૧૬

ધો-૧૦માં આજે ગણિતનું પેપર અત્યંત અઘરું પુરવાર થતા વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાંથી બહાર નીકળીને રીતસર રડી પડયા હતા. મોટાભાગના દાખલા સહીત પ્રમેય ટવીસ્ટ કરીને પુછાયા હતા જયારે ૩૭ નંબરના એમ.સી.કયુ.ના વિકલ્પો પણ ખોટા હોવાનું ધ્યાને આવ્યું છે. ગણિતની પરીક્ષામાં ૪૩૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો-૧૦ની બોર્ડ પરીક્ષામાં વિજ્ઞાનના સરળ પ્રશ્નપત્ર બાદ આજે ગણિતનું પેપર વિદ્યાર્થીઓ માટે અઘરું પુરવાર થયું હતું. અઘરા દાખલા અને ટવીસ્ટ એમ.સી.કયુ.ના ઉત્તર આપવામાં વિદ્યાર્થીઓ મુંઝાઈ ગયા હતા. વિષય નિષ્ણાંત કીશોરસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ગણિતનું પેપર વિદ્યાર્થીઓ માટે અત્યંત અઘરું પુરવાર થયું હતું. પ્રશ્નપત્રમાં મોટાભાગના દાખલા ટવીસ્ટ કરીને પુછાયા હતા. એમ.સી.કયુ.માં ૩૭ નંબરના પ્રશ્નના જવાબમાં વિકલ્પો પણ ખોટા દર્શાવાયા હતા. પ્રમેય ૬.૧ પણ ટવીસ્ટ કરીને પુછાયો હતો. પરીક્ષામાં પાસિંગ માર્કસ મેળવવા પણ ઘણા વિદ્યાર્થીઓ માટે અઘરા થઈ પડે તેવો પણ આક્રોશ ઉઠવા પામ્યો છે.

વિષય નિષ્ણાંત રવિન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે પેપરમાં ત્રિકોણમતી સહેલી પુછાઈ હતી. સપ્રમાણતાના મૂળભૂત પ્રમેયના વિધાનને ટવીસ્ટ કરીને પૂછવામાં આવ્યો હતો. પ્રકરણ ૫,૬, ૭ ના પ્રશ્નો વિશેષરૂપે ટવીસ્ટ કરીને પુછાયા હતા. ગણિતના પેપરમાં

● અનુસંધાન પાન-૭ પર

## ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતનું પેપર સરળ : એક દાખલો અટપટો

### ૨૦ એમ.સી.ક્યુ. ટ્વીસ્ટ કરીને પુછાયા : ૨ ગુણનો દાખલો બહારનો પુછાયો

ગાંધીનગર, તા. ૧૬

ધો. ૧૦માં ગણિતના પેપરે વિદ્યાર્થીઓને રડાવ્યા હતા જયારે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ગણિતનું પેપર એકંદરે સરળ નીકળ્યું હતું. પરંતુ પ્રશ્નપત્રમાં એમ.સી.ક્યુ.ના ૨૦ પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પુછાયા હતા અને ૨ ગુણનો દાખલો બહારનો હોવાનુ પણ વિષય નિષ્ણાંતે જણાવ્યું છે.

ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષામાં આજે ગણિત વિષયનું પેપર વિદ્યાર્થીઓ માટે શિરદર્દ સમાન હોવાનુ સ્પષ્ટ થયું છે. ધો. ૧૦માં ટ્વીસ્ટ એમ.સી.ક્યુ. અને દાખલાઓએ વિદ્યાર્થીઓને મુંઝવણમાં મુકી દીધા હતા જ્યારે ધો. ૧૦ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતનું પેપર એકંદર સરળ રહ્યું હતુ પરંતુ આ પેપરમાં પણ ૨૦ એમ.સી.ક્યુ. ટ્વીસ્ટ કરીને પુછાયા હતા. વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિષય નિષ્ણાંત આર.આર. પટેલે જણાવ્યું હતુ કે હોંશિયાર પરીક્ષાર્થી ૯૦ ઉપર ગુણ મેળવી શકે તેવુ પેપર હતુ. પાર્ટ-બીમાં ૨ ગુણનો દાખલો બહારનો પુછાયો હતો, જ્યારે ૪ ગુણના દાખલાનો પ્રશ્ન પણ ટ્વીસ્ટ કરીને પુછવામાં આવ્યો હતો.

## એમ.સી.ક્યુ.ના ખોટા વિકલ્પો બદલ એક ગુણ વધારી દેવાશે

ધો. ૧૦માં આજે ગણિતનું પ્રશ્નપત્ર અઘરૂ નીકળતા વિદ્યાર્થીઓ રડમશ જોવા મળ્યા હતા. ગણિતના પેપરમાં દાખલા અને એમ.સી.ક્યુ. ટ્વીસ્ટ કરીને પુછાયા હોવાની સાથે એક એમ.સી.ક્યુ.ના વિકલ્પો પણ ખોટા દર્શાવાયા હોવાના આક્રોશ સહ ફરિયાદો ઉઠવા પામી હતી. જો કે આ મામલે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કક્ષાએથી પરીક્ષાર્થીઓને એક ગુણ વધારી આપવાની બાંહેધરી આપવામાં આવી છે. શિક્ષણ બોર્ડના અધિકારી એમ.એમ. પઠાણે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે પરીક્ષાર્થીઓને એક ગુણ વધારી દેવામાં આવશે.

## માણસામાં શર્ટની બાંયમાં અપેક્ષિતના પાના સંતાડી લખતો વિદ્યાર્થી ઝડપાયો

### માણસા તાલુકામાં ત્રણ કોપી કેસ નોંધાયા : અન્ય એક કીસ્સામાં બેન્ચ નીચેથી પણ કાપલી મળી !

ગાંધીનગર, તા. ૧૬

ધો. ૧૦માં ગણિતની પરીક્ષા દરમિયાન જિલ્લામાં આજે ત્રણ કોપી કેસ દાખલ કરવામાં આવ્યા છે. માણસા તાલુકાની બે પરીક્ષા સ્થળોએ બ્લોકમાં પરીક્ષા આપતા ત્રણ વિદ્યાર્થીઓ પાસેથી ખંડ નિરિક્ષકોએ કાપલી પકડી હતી.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાની કાર્યવાહીને વધુ પારદર્શક બનાવવા પરીક્ષા સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા તેમજ ટેબલેટ ગોઠવવામાં આવ્યા છે. જેના આધારે ગેરરીતિના કીસ્સાઓ વધુ પ્રકાશમાં આવી રહ્યા છે. બે દિવસ પૂર્વે દહેગામ તાલુકામાં પણ એક કોપી કેસ નોંધાયો હતો, જ્યારે આજે ધો. ૧૦ ગણિતના પેપર દરમ્યાન પણ માણસા તાલુકામાંથી ત્રણ કોપીકેસ નોંધાયા છે. માણસા તાલુકાના ખરણામાં એસ.એ.બી. પટેલ પંચશીલ વિદ્યાલયના બ્લોક નં. ૧૯માં પરીક્ષા આપતા એક વિદ્યાર્થીને વિજિલન્સ સ્કવોર્ડના ડૉ. પરિમલ પટેલે ઝડપી લીધો હતો. તપાસ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

## દહેગામ બોયઝ હાઈસ્કૂલના સ્થળ સંચાલક બદલાયા

### ગેરરિતીની ફરિયાદોને અનુલક્ષી પરીક્ષાની કામગીરીમાંથી મુક્ત કરાયા

ગાંધીનગર, તા. ૧૬

દહેગામ મ્યુનિસિપલ બોયઝ હાઈસ્કૂલમાં પરીક્ષા દરમિયાન ચોરી-ગેરરીતિની વ્યાપક ફરિયાદો ઉઠતા આખરે આ સ્થળ સંચાલકને પરીક્ષાના કામગીરીથી દૂર કરી તેમના સ્થાને નવા સંચાલકને મુકી દીધા છે.

દહેગામ મ્યુનિ હાઈસ્કૂલમાં બોર્ડની પરીક્ષા દરમિયાન ચોરી અને ગેરરીતીના કીસ્સાઓની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. જ્યારે આ મામલે શિક્ષણ બોર્ડના ચેરમેન સુધી રજુઆત થતા બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીએ તાત્કાલિક સ્થળ સંચાલક ધીરજ પ્રજાપતિને બદલવા જિલ્લા શિક્ષણાધિકારીને સૂચના આપી હતી. જેના પગલે ડી.ઈ.ઓ.એ સ્થળસંચાલકની પરીક્ષાની કામગીરીમાંથી દૂર કરી તેમના સ્થાને રાંધેજા સ્કૂલના આચાર્યને જવાબદારી સોંપી છે.





